જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૧/૦૧/૨૦૧૯ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૦૨/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭૭ કેસ કરી, ૧૭૬ વ્યક્તિઓને ઝડપી, ૧૦૨ લીટર દેશી દારૂ, ૮૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન, ૧ મોટર સાયકલ, ૧ સ્કૂટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૦૩/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## પર્સ ઝુટવી લઈ ગયોઃ- સમાચાર યાદી નં.૦૪/૧૯

**વાસણાઃ** નિલમબહેન વા/ઓ વિજયભાઇ શાહ (ઉ.વ.૫૨) (રહે. રીધ્ધી ફલેટ મ્યુનિસીપલ ગાર્ડન સામે વાસણા) તા.૩૧/૧૨/૧૮ બપોરના ૧૨/૪૫ વાગ્યાના સુમારે વૃંદાવન વિહાર ચાર રસ્તા જીવરાજપાર્ક નજીકથી રિક્ષામાં બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક્ટીવા ઉપર આવેલ એક પુરૂષ નિલમબહેનના હાથમાંથી પર્સ ઝુટવી લઈ નાસી ગયો હતો. પર્સમાં મોબાઈલ ફોન કિમત રૂપિયા ૨૫૦૦/-, સોનાની લકી નંગ-૩ કિમત રૂપિયા ૯૦,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેજ હતા. આ અંગેની ફરીયાદ નિલમબહેન શાહે વાસણા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પોસઇ.શ્રી એ.આર.સુર્યવંશી ચલાવે છે.

## દાઝી જતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૦૫/૧૯

**અમરાઇવાડીઃ** ભાવનાબહેન વા/ઓ કિશોરભાઇ મકવાણા (રહે. નારવાળી લાઇન ન્યુ ભવાનીનગર અમરાઇવાડી) તા.૨૪/૧૨/૧૮ કલાક ૭/૫૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોઈ બનાવતા હતા ત્યારે કેરોસીન ભરેલ ડબલુ ભાવનાબહેન ઉપર પડતા આગ લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૧૨/૧૮ રાતના ૧૦/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આઇ.સોલંકી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.